આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

...ની સૌથી મોટી
...ુ એ છે કે લોકો
...માં બોલે છે અને
બૂમો પાડીને બોલે છે
હરિકિશન મહેતા

...ndhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૩૬ | ૨૬ જુલાઇ, ૨૦૧૩, શુક્રવાર; અષાઢ વદ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## બીબીએ કોલેજમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫

બી.પી. કોલેજ ઓફ બી.બી.એ. ગાંધીનગર દ્વારા ગત તારીખ ૨૨ જુલાઈ-૨૦૧૩ને સોમવારના રોજ ગુરુપૂર્ણિમા કાર્યક્રમ નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓ માટે ગુરુપૂજન તેમજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાર્મસી હોલમાં બપોરના ૧૨.૩૦થી સાંજના ૪ વાગ્યા સુધી યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં આશરે ૪૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જયદિપ જોશી, દ્વિતિય ક્રમે કિરીટ સોલંકી તેમજ તૃતિય ક્રમે તુષાર ખેર વિજયી રહ્યા હતા. કાર્યક્રમના સુત્રધાર તરીકે વિદ્યાર્થિની કુ. મિનલ પટેલે જવાબદારી સંભાળી હતી. કોલેજ તરફથી આ કાર્યક્રમનું આયોજન પ્રો. નીરવ જોષીએ કર્યુ હતુ. નિર્ણાયક તરીકે રાકેશ ભટનાગરે સેવા આપી હતી.